રજુ તા.૧૨/૦૭/૨૦૨૨.

દા.તા.૧૨/૦૭/૨૦૨૨.

નિ.તા.૧૬/૦૭/૨૦૨૬.

અવધિ:–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૪ – ૦૦ – ૦૪

---

**મહેરબાન પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ભિલોડા**

---

**<u>રે.દિ.મુ.નં.૦૪/૨૦૨૩</u>**
**આંક–૭૦**

**વાદી (૧)** શ્રી રામજીભાઈ ધુળાભાઈ બલાતના વારસો

(૧) શ્રીમતી રસીબેન રામાભાઈ,ઉ.વ.૮૦,

(૨) બલાત નાનજીભાઈ રામાભાઈ,ઉ.વ.૫૦,

(૩) બલાત શૈલેશભાઈ રામાભાઈ,ઉ.વ.૪૫,

(૪) બલાત રતુબેન રામાભાઈ,ઉ.વ.૬૦,

(૫) બલાત કાંતાબેન રામાભાઈ,ઉ.વ.૫૫,

(૬) બલાત સુરજીભાઈ રામાભાઈના વારસો,

૧.(૬) ૧. બલાત લીલાબેન સુરજીભાઈ,ઉ.વ.૫૦,

૨. બલાત કિશનભાઈ સુરજીભાઈ,ઉ.વ.૨૩,

૩. બલાત શિલ્પાબેન સુરજીભાઈ, ઉ.વ.૩૫,

૪. બલાત પ્રેમીલાબેન સુરજીભાઈ,ઉ.વ.૨૯,

૫. બલાત ગીતાબેન સુરજીભાઈ,ઉ.વ.૨૬,

(૨) બલાત લાલજીભાઈ ધુળાભાઈ,ઉ.વ.૭૦,

(૩) બલાત બચુભાઈ ધુળાભાઈ,ઉ.વ.૬૫,

(૪) બલાત થાવરાભાઈ ધુળાભાઈનું અવસાન થતાં,

(૧) બલાત કાંતીભાઈ થાવરાભાઈ,ઉં.વ.૬૫,

(૨) બલાત જયંતીભાઈ થાવરાભાઈ,ઉં.વ.૫૫,

(૩) બલાત રાજુભાઈ થાવરાભાઈ,ઉં.વ.૫૦,

(૪) બલાત અશોકભાઈ થાવરાભાઈ,ઉં.વ.૪૮,

બધા રહે. મુ.પો.જાયલા,તા.ભિલોડા,જી.અરવલ્લી

**–:: વિરુધ્ધ ::–**

**પ્રતિવાદી** (૧) બલાત નારાયણભાઈ કાનજીભાઈ,ઉં.વ.પુખ્ત,

(૨) બલાત બાબુભાઈ મનજીભાઈ,ઉં.વ.પુખ્ત,

(૩) બલાત મંજુલાબેન બાબુભાઈ,ઉં.વ.પુખ્ત,

(૪) બલાત વર્ષાબેન સોમાભાઈ,ઉં.વ.પુખ્ત,

બધા રહે. મુ.પો.જાયલા,તા.ભિલોડા,જી.અરવલ્લી

**બાબત :– રૂા.૩૦૦/– ના આંક થી ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગે**

-

-------------------------------------------

વાદીઓ તરફે વિ.વકીલ શ્રી વી.કે.બરંડા

પ્રતિવાદીઓ તરફે વિ.વકીલ શ્રી જે.સી.ભાટીયા

-------------------------------------------

## –: ઠરાવ :–

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે,વાદીઓ અને પ્રતિવાદીઓ બંને ભિલોડા તાલુકાના જાયલા ગામના રહીશ અને કુટુંબના સભ્યો છે.વધુમાં જાયલા ગામે આવેલ નવો સર્વે નં.૨૫,જુનો–૧૨૫ની ૦૧–૮૬–૨૭ હે.આરે.ચો.મી.ની જમીન વાદીઓની સંયુકત માલીકીની આવેલ

છે તથા આ સર્વે નંબરની પૂર્વ દિશાના દક્ષિણ છેડાની હદમાં તેઓની માલીકીની જમીનમાં શ્રી રામજીભાઈ ઘુળાભાઈ બલાતનું મકાન નં.૪૧ આવેલ છે તથા આ મકાનની નોંઘણી જાયલા ગૃપ ગ્રામ પંચાયતમાં થયેલ છે અને પંચાયતનો વેરો તેઓ વર્ષોથી ભરે છે તથા આ મકાનનું બાંઘકામ આશરે ૫૪ વર્ષ પહેલા કરવામાં આવેલ છે અને મકાનનો આગળનો ભાગ પશ્ચિમ દિશાએ આવેલ છે અને દક્ષિણ દિશાની દિવાલ અડીને ઢોર,બળદ,ભેંસ બાંઘવા માટેનું ઢાળીયુ ૩૦ વર્ષ પહેલા બનાવેલ છે તથા તેઓની માલીકીની સ.નં.૨૫ અને સ.નં.૩૬ જે પ્રતિવાદીઓની માલીકીનો આવેલ છે અને આ બંને સર્વે નંબરોની વચ્ચે પાળીના નિશાાન આવેલ છે તથા તેઓના મકાનના ઢાળીયાથી થાંભલીયો સ.નં.૩૬ જમીનમાં ત્રણ ફુટ જેટલુ દબાણ કરેલાનું પ્રતિવાદીઓ કહે છે અને તેઓની સાથે અવાર નવાર ઝઘડાઓ કરે છે જે કારણસર ગામ આગેવાનોની હાજરીમાં ખાનગી સર્વેયર દ્વારા બંને પક્ષકારોની સમંતીથી તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ સર્વે માપણી કરાવેલ અને માપણી થયા બાદ નકશો બનતા તેઓના ઢાળીયાની થાંભલીયો છોડી આગળ ત્રણ ફુટ જેટલી જગ્યા સર્વે નં.૨૫ આવેલા હોવાની બનતા પ્રતિવાદીઓએ સર્વે નંબર માપણી ખોટી છે તેમ કહીને સ્થળ ઉપરથી જતા રહયા હતા.

વઘુમાં સર્વે નં.૨૫ માં આવેલ મકાનના ઢાળીયાની ત્રણ ફુટ જગ્યા અમારામાં આવે છે તેમ કહીને અવારનવાર વાદીઓ સાથે ઝઘડો કરે છે જેથી વાદીઓએ તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ ફરીયાદો કરેલ છે તેમજ શ્રી જે.સી.ભાટીયા, એડવોકેટ મારફતે વાદી નં.૧ ને નોટીસ તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ હતી તથા આ નોટીસનો જવાબ વાદીઓએ તા. ૨૬/૦૭/૨૦૧૬ ના રોજ આપેલ હતો જેનો પુરાવા નં.૨ રજુ કરેલ છે તથા

બીજી નોટીસ તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ આપેલ છે જે પુરાવા રજુ કરેલ છે તથા તા.૧૩/૦૭/૨૦૨૨ના રોજ જે નોટીસ આપેલ તે નોટીસના મુદ્દાઓ તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજની નોટીસમાં છે તથા નોટીસમાં માત્ર તારીખ અને સમય બદલેલ છે.આમ,પ્રતિવાદીઓ વાદીઓને એક યા બીજા બહાના નીચે હેરાન પરેશાન તથા આર્થિક રીતે પણ વાદીઓને નુકશાન કરવાનો બદઈરાદો ધરાવે છે.તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ ગામ આગેવાનોએ જે લખાણ કરેલ છે તે લખાણની સમજુતીમાં પ્રતિવાદી નં.૧ એ સહી કરીને સમંતી આપેલ હતી તેમ છતાં સર્વેયરની કામગીરી પૂર્ણ થતાં વાદીઓએ ઢાળીયુ બનાવેલ છે તેના થાંભલા એન્ગલો છે ત્યાંથી એક મીટર જેટલી જગ્યા વાદીઓની આવે છે તેવુ કહ્યુ ત્યારે માપણી ખોટી છે તેવુ કહીને સંમતી લખાણનો ભંગ કરીને ત્યાં સુધી જતા રહયા હતા.આમ,પ્રતિવાદીઓ નામદાર કોર્ટના હુકમ સિવાય માને તેમ ન હોય કાયમી મનાઈ હુકમ મેળવવાની જરૂરીયાત ઉભી થયેલ છે.સદરહુ દાવાવાળી જમીનની ચર્તુદિશા મુજબ પૂર્વે:-ડુંગરી સરકારની જમીનમાં આવેલ છે,પશ્ચિમે:-વાદીઓની સ.નં.૨૫ ની જમીન આવેલ છે,ઉત્તરે:-સ્વ.થાવરાભાઈ ધુળાભાઈ બલાતનું મકાન આવેલ છે તથા દક્ષિણે :-વાદીના સ.નં.૨૫ ની હદ અને પ્રતિવાદીઓના માલીકીના સ.નં.૩૬ ની જગ્યા આવેલ છે.ઉપર મુજબની ચર્તુસીમામાં સર્વે નં.૨૫ ના પૂર્વ દક્ષિણ છેડામાં આવેલ તેઓની માલીકના મકાનો પણ આવેલ છે તેમાં ઢાળીયા, થાંભલા,એન્ગલોના હદ સબંધમાં પ્રતિવાદીઓ વિરોધ કરે છે પરંતુ વાદીઓ સ.નં.૩૬ કે જે પ્રતિવાદીઓને આપેલ છે તેનું દબાણ કરેલ નથી તેમ જણાવી વાદીઓના માલીકીના સર્વે નં.૨૫ માં આવેલ મકાનની બાજુમાં આવેલ બળદ, ભેંસ બાંધવાના ઢાળીયાને પ્રતિવાદીઓ કોઈ નુકસાન ન પહોંચાડે તે માટે કાયમી મનાઈ હુકમ આપવાની દાદ તેમજ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવો વાદીઓની તરફેણમાં હુકમ કરવા દાદ માંગેલ છે.

(૨) સદર દાવાનો સમન્સ સી.પી.સી.ઓર્ડર–૫ ની જોગવાઈઓ મુજબ પ્રતિવાદીઓને કરવામાં આવેલ જે પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં.૧,૩,૪,૫ નાઓએ હાજર થઈ આંક–૨૬ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓએ વાદીઓની દાવા અરજીની હકીકતોનો ઈનકાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે,જૂનો સર્વે નંબર ૧૨૫, નવો સર્વે નં.૨૫ જેનું ક્ષેત્રફળ ૧–૮૧–૨૭ હે.આરે.ચોમી. સંયુક્ત પણે ઉપરોકત વાદીઓની આવેલ છે તથા આ કામે સર્વે નં.૨૫ (નવો)ની જમીનમાં વાદી નં .૧ નું મકાન આવેલ છે જે મકાન પૂર્વ–પશ્ચિમ દિશાનું આવેલ છે એટલે કે મકાનનું મોઢું પશ્ચિમ દિશા તરફનું છે તથા આ મકાનની દક્ષિણ દિશામાં વાદી નં.૧ નાને કે વાદી નં.૨ થી ૪ નાઓને પ્રતિવાદીની જમીનમાં કોઈ જ હકક,અધિકાર,હિત,લાગભાગ ન હોવા છતાં પ્રતિવાદી નં.૧ ની તથા તેમના ભાઈ નામે મનજીભાઈ કાનજીભાઈની આવેલ જમીન જેનો સર્વે નં.૩૬,જૂનો નં .૧૨૬/૧ ની જમીનમાં પૂર્વ છેડેથી પશ્ચિમ સેઢા તરફ આશરે ૧૦ ફૂટ પહોળાઈમાં તથા ૫૦ ફૂટ લંબાઈમાં વાદી નં.૧ નાએ દબાણ કરેલ છે તથા વાદી નં.૧ નાએ તેમના મકાનની દક્ષિણ દિશા તરફની દીવાલે ઢોર બાંધવા સારૂં નળિયાવાળું ઢાળીયું બનાવેલ છે અને લોખંડની એન્ગલો નાખી પતરા નાખેલ છે અને આ રીતે વાદી નં.૧ નાએ દબાણ કરેલ હોઈ તે ઢાળીયાનું પાણી પ્રતિવાદી નં.૧ ની જમીનમાં પડે છે.આમ વાદી નં.૧ નાએ પ્રતિવાદી નં .૧ ની જમીનમાં ઉપરોક્ત માપ મુજબનું દબાણ કરેલ હોઈ અને આ અંગે તેઓને વાંરવાર કહેવા છતાં દબાણ દૂર કરેલ નહી અને છેવટે એડવોકેટ મારફતે લીગલ નોટીસ તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ આપતા અને તે નોટિસની બજવણી થતાં વાદી ન.૧ નાએ આ કરેલ દબાણ દૂર કરેલ હતું જેથી દબાણ દૂર થયેલ હોઈ અને તેમની જગ્યા ખુલ્લી થયેલ હોઈ તેઓને કોઈ પ્રશ્ન રહેતો ન હતો પરંતુ આ કામના વાદીએ ફરીથી છેલ્લા ૮–૧૦ મહિનાથી

ઉપરોક્ત માપમાં ફરીથી ઢાળિયું કરી દીધેલ હોઈ પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ એડવોકેટ મારફતે રજી.પો.એડીથી સદર દબાણ દૂર કરવા તથા જગ્યા ખુલ્લી કરી આપવા નોટીસ આપેલ જે નોટિસની બજવણી થતાં વાદી નં.૧ નાએ નોટીસનો જવાબ પ્રતિવાદી નં.૧ નાને ખોટી હકીકતો જણાવી આપેલ છે.આમ વાદી નં.૧ નાએ નં.૨ થી ૪ ના વારસોની ચઢવણી અને પ્રોત્સાહનથી આ દબાણ પ્રતિવાદી નં.૧ ની જમીનમાં કરેલ છે તે સત્ય હકીકત છે અને આ અંગે ગ્રામજનો,આગેવાનો વિગેરેને ભેગા કરી પ્રશ્નના નિરાકરણ સારું અને તેઓએ કરેલ દબાણ દૂર કરવા સારું આગેવાનો વિગેરેને ભેગા કરી વાદીઓને તાકીદ કરવા છતાં દબાણ દૂર કરતાં નથી ઊલટાનું ચોર કોટવાલને દંડે તે મતલબે પ્રતિવાદીઓ વિરુધ્ધ ખોટી હકીકતો જણાવી નામ કોર્ટને ગેરમાર્ગે દોરી દાવો દાખલ કરેલ છે.હકીકતમાં પ્રતિવાદી વાદીઓ વિરુધ્ધ દબાણ દૂર કરવા સારું દાવો દાખલ કરવા હક્કદાર હતા અને છીએ.

વધુમાં સર્વે નં.૩૬,જૂનો નં.૧૨૬/૧ ક્ષેત્રફળ ૧–૭૩–૮૧ હે.આરે.ચોમી.થી પ્રતિવાદીની જમીન આવેલ છે જેમાં પ્રતિવાદી નં.૧ ના ભાઈ નામે બલાત મનજીભાઈ કાનજીભાઈનો ભાગ આ સર્વે નંબરમાં આવેલ હોવા છતાં અને હિત્ત ધરાવતા પક્ષકાર હોવા છતાં વાદીઓએ પક્ષકાર તરીકે જોડેલ નથી.આ સર્વે નં.૩૬ માં વાદી નં.૧ ના તથા પુત્રના રહેણાક મકાનો આવેલ છે.વાદી નં.૧ ની જમીન કે જેનો સર્વે નં.૨૫ આવેલ છે તેમાં રહેણાંક માટે બનાવેલ મકાનની દક્ષિણે ઢાળિયું આવેલ હોઈ તે ઢાળિયાનું પાણી ચોમાસાની સિઝનમાં પ્રતિવાદી નંબર–૧ ના સર્વે નં.૩૬ ની જમીનમાં પડે છે અને તે જમીનનું ધોવાણ અને નુકસાન થાય છે.આ અંગે પ્રતિવાદીએ તેઓને વારંવાર કહેલ છે કે,તમોએ કરેલ ઢાળિયું અમારા સર્વે નંબરની જમીનમાં આવેલ છે અને આ દબાણ હોઈ દૂર કરો તેમ છતાં વાદીઓ

સાંભળતા નથી અને અને ઊલટાનું કહે છે કે,હજુ ૧૦ ફૂટ સર્વે નં.૩૬ માં પ્રતિવાદીની જમીન આવેલ છે.આમ હળાહળ જુઠું બોલી તેમજ ખરાબ ભાવના રાખી અમારી જમીન હડપવાનો પ્રયાસ કરી રહેલ છે.આમ કહેવા જતાં વાદીઓએ તે દબાણ દૂર ન કરવું પડે તે સારું પ્રતિવાદીઓને કાયદાકીય કાનૂની કાર્યવાહીમાં પ્રવૃત રહીએ તે ઉદ્ધેશથી હાલનો આ ખોટો કામ ચલાઉ તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો કરેલ છે.

વધુમાં તેમના કહ્યા મુજબ ગામ આગેવાનો વિગેરે ભેગા કરેલ તો પ્રતિવાદીઓએ આ પ્રશ્નના નિરાકરણ સારું અને સુલેહ તથા સુમેળ ભર્યા સબંધો રહે તે હેતુથી તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ ગામ આગેવાનો રૂબરૂ માપણી કરવા પ્રતિવાદીઓએ સંમતી બતાવેલ હતી પરંતુ તેમના પેટમાં પાપ હોઈ,બદઈરાદો હોઈ વાદીઓએ પ્રતિવાદીની જમીન અને તેઓની જમીન વચ્ચે સેઢો આવેલ છે તે વાંકાચુંકી હોઈ તે સેઢો એક સરખો લાઈનમાં કરવો છે તેવું વાદીઓએ જણાવતા પ્રતિવાદીઓએ તે અંગે વાંધો લીધેલ કારણ કે સર્વેયર માપણી સારું હદમર્યાદા નક્કી કરવા માટે બોલાવેલ નહી કે સેઢો એક સરખો કરવા.આમ શરૂઆતથી વાદીઓ પ્રતિવાદીઓને હેરાન-પરેશાન કરતાં આવેલ છે તથા પ્રતિવાદીઓની સંમતિ વિના તેમની જમીનમાં તેમના ઢાળિયા માટે લોખંડની એંગલો નાખી ગેરકાયદેસર રીતે તેઓએ દબાણ કરેલ હોવા છતાં ઉલટો ચોર કોટવાલ દંડે છે એ ઉક્તિને સાર્થક ઠરાવેલ છે.આ કામના વાદીઓને આ રીતે પ્રતિવાદીઓની જમીનમાં દબાણ કરેલ હોવા છતાં દબાણ હટાવવું ન પડે તે હેતુથી પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો દાખલ કરેલ છે.વધુમાં આ દાવો દાખલ થયા બાદ મચીચ મારફતે વાદીઓએ વાદગ્રસ્ત જમીનની માપણી કરાવતા મચીચ ના માપણી દરમ્યાન વાદીઓએ પ્રતિવાદીની જમીનમાં દબાણ કરેલ છે તેવુ જણાવેલ છે.

વાદીની દાવા અરજીના પેરા–૬(૧)(૨) અને મનાઈ અરજીના પેરામાં માગેલ દાદ ઉપરોક્ત જણાવેલ હકીકતો અને સંજોગો મુજબ વાદીઓ માગવા અને મેળવવા કાયદેસર રીતે હકદાર નથી અને તેવી કોઈપણ દાદ ઉપરોક્ત કારણસર આપી શકાય તેમ નથી.આમ,વાદીઓએ ખોટી હકીકતો દર્શાવી દાવો દાખલ કરેલ છે.આમ વાદીઓનો કોઈ જ પ્રાઈમાફેસી કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનિયન્સ પણ વાદીઓની તરફેણમાં નથી.આમ વાદીઓએ ખોટી હકીકતો ઉપજાવી કાયદાની પ્રક્રિયા વિરુધ્ધનું હોય પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવા તેમજ તેમની કાયદેસરની મિલકત પચાવી પાડવાનો વાદીઓ બદઈરાદો ધરાવે છે અને ખોટી હકીકતો જણાવી દાવા અરજી કરેલ છે.ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈ તથા રજુ કરેલ પુરાવાઓ ધ્યાને લઈ વાદીઓની દાવા અરજી ખર્ચ સાથે રદ કરી પ્રતિવાદીઓને હેવી કોન્પેનસેટરી અપાવવા અરજ છે.

વધુમાં આ કામે વાદીઓ તરફે આંક–૧૧ થી પ્રતિવાદી નં.૨ ને દાવા કામે ડીલીટ કરવા અરજી આપતા મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા પ્રતિવાદી નં.૨ ને દાવા કામે ડીલીટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે વાદીઓ તરફે પોતાના કેસની હકીકતોના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં.૩ બલાત બચુભાઈ ધુળાભાઈ નુ સરતપાસનું સોગંદનામું | ૩૩ |
| ૨ | વાદી તર્ફે સાહેદ નરસિંહભાઈ અઢેળાભાઈ નિનામાનું સરતપાસનું સોગંદનામું | ૪૪ |
| ૩ | વાદી તર્ફે સાહેદ ડી.આઈ.એલ.આર પ્રકાશકુમાર ઈશ્વરલાલ મકવાણાની જુબાની | ૪૭ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | સ.નં.૨૫ની ગામ નમુના નં.૭ નો ઉતારો અસલ | ૩૮ |
| ૨ | તા.૧૩/૭/૧૬ ના રોજ આપેલ નોટીસની નકલ | ૩૯ |
| ૩ | પ્રતિવાદીઓની નોટીસનો જવાબ આપેલ તેની નકલ | ૪૦ |
| ૪ | તા.૨૬/૮/૨૨ ના રોજ આપેલ નોટીસની નકલ | ૪૧ |
| ૫ | પ્રતિવાદીઓની નોટીસનો જવાબ આપેલ તેની નકલ | ૪૨ |
| ૬ | પો.સ્ટે.ભિલોડા ખાતે કરેલ ફરીયાદની નકલ | ૪૩ |
| ૭ | દાવવાળી જમીનનું પંચનામું | ૪૫ |
| ૮ | માપણી શીટ/નકશો | ૪૮ |

ઉપરોકત પુરાવો પુર્ણ થયા વાદીઓ તરફે વધુ પુરાવો રજુ કરવો ન હોય,આંક-૪૯થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઈ પુરાવો રજુ ન કરવાનું જાહેર કરેલ છે.

(૪) સદર કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૧ તર્ફે બલાત નારાયણભાઈ કાનજીભાઈ નું સરતપાસનું સોગંદનામું | પ૨ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | મોજે.જાયલાના ખાતા નં.૧૮૬ નો ૮-અ નો ઉતારો | ૫૫ |
| ૨ | મોજે જાયલા ગામના સ. નં.૩૬ નો ૭/૧૨ ની નકલ | ૫૬ |
| ૩ | મોજે જાયલા ગામના સ. નં.૪૦ નો ૭/૧૨ ની નકલ | ૫૭ |
| ૪ | ગામ નમુના નં.૬ની નોંધ નં.૪૩૨ ની નકલ | ૫૮ |

| | | |
|---|---|---|
| ૫ | ગામ નમુના નં.૬ની નોંધ નં.૭૧૯ ની નકલ | ૫૯ |
| ૬ | વાદી નં.૧ ને આપેલ લીગલ નોટીસની સ્થળપ્રત્ર | ૬૦ |
| ૭ | વાદી નં.૧ ને આપેલ લીગલ નોટીસ પોસ્ટ કર્યાની રસીદની નકલ | ૬૧ |
| ૮ | વાદી નં.૧ ને નોટીસ મળ્યાની એકનોલેજમેન્ટ | ૬૨ |
| ૯ | પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની નકલ | ૬૩ |
| ૧૦ | આર.સી.એસ.૧૪/૨૪ ના આંક–૧ તથા આંક–૫ ની નામ.કોર્ટમાંથી મેળવેલ ખરી નકલ | ૬૪ |

ઉપરોકત પુરાવો પુર્ણ થયા પ્રતિવાદીઓ તરફે વધુ પુરાવો રજુ કરવો ન હોય,આંક–૬૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઈ પુરાવો રજુ ન કરવાનું જાહેર કરેલ છે.

**<u>મૌખીક પુરાવો:–</u>**

(૫) આ કામમાં વાદી નં.૩ બલાત બચુભાઈ ધુળાભાઈનુ આંક–૩૩ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેમા દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે જેથી પુનરાવર્તન ટાળવા માટે સરતપાસની ચર્ચા લંબાણ પુર્વક કરવામાં આવતી નથી.ઉપરોકત વાદી નં.૩ની પ્રતિવાદી તર્ફે ઉલટતપાસ કરતા એવુ જણાવેલ છે કે,''વાદી નંબર ૧ રામજીભાઈ ધુળાભાઈ મારા ભાઈ થાય છે.તેઓ સને ૨૦૨૪ માં અવસાન પામેલા. મારી જાયલા ગામે ખેતીલાયક જમીન આવેલી છે.અમારી જમીનનો સર્વે નંબર ૨૫ છે.અમે નારણભાઈ કાનજીભાઈ તથા બાબુભાઈ મનજીભાઈ અમારા કુટુંબી ભાઈઓ થાય છે અને અમો એક જ ઘરના છીએ.ધોધાજી જીવાજી અમારા મોટા દાદા થતા હતા.તેમને બે દીકરા ધુળાજી ધોધાજી તથા કાનજીભાઈ ધોધાજી હતા.ધુળાજી ધોધાજીને થાવરાજી ધુળાજી તથા રામજી ધુળાજી તથા લાલજી ધુળાજી અને બચુભાઈ ધુળાજી એમ ચાર દીકરા હતા જેમા થાવરાજી

અને રામજીભાઈ મરણ ગયેલા છે.કાનજી ધોઘાજીને મનજીભાઈ અને નારાયણભાઈ એમ બે દીકરાઓ છે જે બંને હયાત છે.

સવાલ–તમે જે દાવો કરેલ છે તેમાં જે ૭/૧૨ રજુ કરેલ છે તેમાં કોના કોના નામ છે અને કયા સર્વે નંબર છે અને કેટલુ ક્ષેત્રફળ છે તે તમે જાણો છો?

જવાબ–મે જે દાવો કરેલ છે તેમાં ૭/૧૨ રજુ કરેલા છે તેમાં મારુ તથા લાલજીભાઈ તથા રામજીભાઈ અને થાવરાભાઈ ગુજરી ગયેલ હોઈ તેમના છોકરાઓના નામ હમણા ચડાવેલ છે.જાયલા ગામનો સર્વે નં બર ૨૫ છે. જમીનનું કુલ ક્ષેત્રફળ કેટલુ છે તે મને ખબર નથી.

એ વાત ખરી છે કે વારસાઈ થયા બાદનો ૭/૧૨ નો ઉતારો આ કામે રજુ કરેલ નથી.સર્વે નંબર ૨૫ ની ભાઈઓ ભાગની વહેંચણી થઈ ગયેલી છે પરંતુ ઉતારામાં બધાના સંયુકત નામ ચાલે છે.એ વાત ખરી છે કે સર્વે નંબર ૨૫ માં ભાગ પડેલા તે પ્રમાણે ખેતી કરીએ છીએ.એ વાત ખરી છે કે રામજીભાઈના ભાગે જે જમીન આવેલી છે તેમા તેમનુ રહેણાકનું મકાન આવેલુ છે.રામજીભાઈના મકાનનું મોઢુ પુર્વ થી પશ્ચીમ દિશામાં આવેલ છે.એ વાત ખરી છે કે રામજીભાઈની જમીનની પુર્વે જંગલ આવેલ છે.એ વાત ખરી છે કે રામજીભાઈના મકાનને અડીને ઢોર બાંધવા ઢાળીયુ બનાવેલ છે.એ વાત ખરી છે કે અમારા સર્વે નંબરની દક્ષિણ માં નારાયણભાઈની સર્વે નં .૩૬ ની જમીન આવેલી છે.એ વાત ખરી છે કે સર્વે ૨૫ પુરો થાય અને નારાયણભાઈનો સર્વે ૩૬ શરૂ થાય ત્યા વચ્ચે પાળી આવેલી છે.એ વાત ખરી છે કે નારાયણભાઈના જમીનમાં તેમનુ મકાન આવેલ છે અને તેઓ તથા તેમના છોકરાઓ ખેતી કરે છે.એ વાત ખરી છે કે રામજીભાઈના મકાનની દક્ષિણે ઢાળીયુ આવેલુ છે.એ વાત ખરી છે કે આ ઢાળીયુ દક્ષિણથી ૧૦ ફુટ પહોળાઈ વાળુ તથા પુર્વ થી પશ્ચીમ ૫૦ ફુટ લંબાઈવાળુ આવેલુ છે.એ વાત

ખરી છે કે આ ઢાળીયાનો ઢાળ પ્રતિવાદીઓની જમીન બાજુ આવેલો છે.એ વાત ખરી નથી કે ઢાળ પ્રતિવાદીઓની જમીન બાજુ હોઈ ચોમાસામાં પાણી પ્રતિવાદીઓની જમીનમાં પડે છે.સાહેદ જણાવે છે કે માપણી કરાવતા આ પાણી અમારી જમીનમાં જ પડે છે.એ વાત ખરી છે કે પ્રતિવાદીઓની જમીનમાં ઢાળીયુ બનાવતા પ્રતિવાદીઓએ ગામ આગેવાનો ભેગા કરેલા. એ વાત ખરી નથી કે ગામ આગેવાનોએ કહેલ કે તમારુ ઢાળીયુ તમારી જમીન માં કરવુ.એ વાત ખરી છે કે પ્રતિવાદીઓએ આ દબાણ હટાવવા વાદી રામજીભાઈને નોટીસ આપેલી.એ વાત ખરી છે કે આ ઢાળીયા બાબતે ગામ આગેવાને બોલાવી બંને પક્ષકારોએ નકકી કરેલુ.એ વાત ખરી છે કે આ માપણી તા.૨૮/૪/૨૦૨૨ ના રોજ કરવાનું નકકી કરી ખાનગી સર્વેયર આવેલ.એ વાત ખરી છે કે તે વખતે વાદી તથા પ્રતિવાદી તથા સર્વેયર તથા ગામ આગેવાનો હાજર હતા.એ વાત ખરી છે કે સર્વેયર ૭/૧૨ ના ઉતારાને આધારે માપણી કરે.એ વાત ખરી નથી કે સર્વે નંબર ૨૫ નો પુવે પશ્ચીમનો શેઢો વાંકોચુકો આવેલ છે.એ વાત ખરી નથી કે આ શેઢો વાંકોચુકો આવેલ હોઈ પરંતુ અમે સર્વેયરને સીધો જ માપણી કરવાનું કહેલ જેથી પ્રતિવાદીઓએ વાંધો લીધેલ.એ વાત ખરી છે કે પ્રતિવાદીઓએ વિરોધ કરતા માપણી થયેલ નહી અને બધા ઘરે જતા રહેલા.દાવો દાખલ કર્યા બાદ અમારા વકીલ મારફતે કોર્ટમાં અરજી કરાવી જમીનની માપણી કરાવેલ છે.એ વાત ખરી નથી કે કોર્ટ કમીશનર ધ્વારા કરવામાં આવેલ માપણીમાં અમારુ દબાણ દેખાડેલુ છે.સાહેદ જણાવે છે કે ખોટી માપણી કરેલ છે.મારા ભાઈ રામજીભાઈનો મકાન નંબર ૪૧ છે.એ વાત ખરી નથી કે પ્રતિવાદીએ દબાણ દુર કરવા મારા ભાઈને નોટીસ આપતા તેઓએ ખોટી અરજી પોલીસ સ્ટેશનમાં કરેલી.એ વાત ખરી નથી કે મારા ભાઈએ પ્રતિવાદીની જમીનમાં ૩ ફુટ દબાણ કરેલ છે.એ વાત ખરી નથી કે હુ આ હકીકત જાણતો હોવા છતા વાદી મારા ભાઈ

થતા હોઈ તેમને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે કોર્ટમાં રજુ કરેલ સોગંદનામામાં શુ લખેલુ છે તે હુ જાણતો નથી.એ વાત ખરી નથી કે હુ ખોટી જુબાની આપુ છુ.''

(૬) આ કામમાં વાદી તર્ફે સાહેદ નરસિંહભાઈ અઢેળાભાઈ નિનામાનુ આંક–૪૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેમા દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે જેથી પુનરાવર્તન ટાળવા માટે સરતપાસની ચર્ચા લંબાણ પુર્વક કરવામાં આવતી નથી.ઉપરોકત વાદી સાહેદની પ્રતિવાદી તર્ફે ઉલટતપાસ કરતા એવુ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે,હુ દાવાના પક્ષકારોને સારી રીતે ઓળખુ છુ.સર્વેયર વાળા આવેલા ત્યારે મને રામજીભાઈ ધુળાભાઈએ બોલાવેલ.એ વાત ખરી છે કે, સર્વેયર નામ.કોર્ટના હુકમ મુજબ માપણી કરવા આવેલ.એ વાત ખરી છે કે, નારણભાઈ સર્વેયર નથી.એ વાત ખરી છે કે, નારણભાઈ કાનજીભાઈ અને સર્વેયરે સ્થળની માપણી કરેલ તે હકીકત ખોટી જણાવુ છુ.સાહેદ જણાવે છે કે, અમે બધા હતા.મને પંચ તરીકે રામજીભાઈ ધુળાભાઈ એ બોલાવેલ.એ વાત ખરી છે કે, પક્ષકારોની હાજરીમાં જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલ.એ વાત ખરી છે કે, માપણી થયા બાદ અમે બધાએ વાંચીને સહી કરેલી.મને નિ.૨૨/૧ નુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં મારી પંચ તરીકે સહી છે જે ઓળખુ છુ.સાહેદ પંચનામામાં સહી ઓળખી બતાવતા હોય આંક–૪૫ આપેલ છે.એ વાત ખરી છે કે,પંચનામુ થયા બાદ ખોટુ કરવામાં આવેલ છે તેવુ વાદીઓએ કયાચ કીધેલ હોય તેવુ બનેલ નથી. નારણભાઈ કાનજીભાઈ બલાત કોઈનુ માનતા નથી તેવુ પુછતા તે સંદર્ભે તેવુ જણાવે છે કે, ખોટુ લખાવેલ છે.આવુ કઈ બનેલ નથી.રામજીભાઈએ કઈ બાબતે અને કોના પર દાવો કરેલ છે તે બાબતથી હુ માહીતગાર નથી.એ વાત ખરી છે કે, કોઈ બાબત તકરારી હોય તો તેના નિષ્ણાંત જોઈ તપાસી જણાવી

શકે છે કે દબાણ થયેલ છે કે કેમ ? મે સર્વેયરે જે નકશો બનાવેલ તે જોયેલ નથી.એ વાત ખરી નથી કે,રામજીભાઈના પરીવાર સાથે સારા સબંધ હોય સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે,હાલના સોગંદનામામાં સહી સીવાય કોઈ હકીકત જાણતો નથી.

(૭) આ કામમાં ડી.આઈ.એલ.આર સાહેદ પ્રકાશકુમાર ઈશ્વરલાલ મકવાણાને આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે તેઓએ કોર્ટ રૂબરૂ જણાવેલ છે કે,''મને કોર્ટનો સમન્સ બજતાં હુ આજરોજ હાજર થયેલ છે.મારી અગાઉના સર્વેયરે મોજે.જાયલા,તા.ભીલોડા,જી.અરવલ્લીના સ.નં.૨૫ (જુના સ.નં.૧૨૫) અંગે ડી.આઈ.એલ.આર.મારફતે પંચનામા સહીતનો નકશો તૈયાર કરવા યાદી મળતાં તેઓએ તા.૩૦.૧૦.૨૩ ના રોજ પંચો રુબરુ તેઓના લખાવ્યા મુજબ પક્ષકારોની હાજરીમાં પંચ રોજકામ કરેલ તથા સ્થળ સ્થીતીનો નકશો તૈયાર કરેલ.મને આંક–૪૫ વાળુ પંચરોજકામ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા કોર્ટ કમીશ્નર તરીકે અમારી કચેરીની આર.એન.ચૌહાણની સહી છે જે હુ ઓળખુ છુ.મને નિ.૨૨/૨ થી રજુ નકશો/માપણી શીટ બતાવવામાં આવે છે જેમાં કોર્ટ કમીશ્નર તરીકે શ્રી આર.એન.ચૌહાણની સહી છે જે હુ ઓળખુ છુ આંક–૪૮ થી રજુ છે.હાલના કેસમાં તકરારી જમીનની માપણી ડી.જી.પી.એસ.પધ્ધતિથી કરવામાં આવેલી તથા હાલના કેસમાં માપણી શીટ મુજબનો નકશો અમારી કચેરીમાં બેસી તૈયાર કરવામાં આવેલ નથી.વધુમાં માપણી શીટમાં સ.નં.૨૫ તથા સ.નં.૩૬ વચ્ચેના દબાણનો નીચે દર્શાવેલ સમજુતીમાં નિ.એ,બી,સી,ડી માં ઉલ્લેખ કરવામાં આવેલ છે.અરવલ્લી જીલ્લાની જમીનો અંગે સને ૨૦૧૨–૧૩ ના અરસામાં નવેસરથી માપણી કરવામાં આવેલી.

સવાલ–સને ૧૯૫૧ તથા ૨૦૧૩ માં થયેલ માપણી મુજબ નકશો યોગ્ય છે તથા હાલની કોર્ટ કમીશ્નર મારફતેની માપણીમાં નકશામાં ખોટી રીતે દબાણ આવેલ છે ?

જવાબ–કોર્ટ કમીશ્નરે સ્થળ ઉપરના કબજા મુજબ તથા જુના ડી.એસ.ઓ.રેકર્ડ મુજબ હોલસેલ પી.ટી.માપણી રેકર્ડ આધારે મેળવણુ કરી માપણી કરેલ છે તથા કોર્ટ કમીશ્નરના નકશામાં દબાણ બતાવેલ છે.

ઉપરોકત વાદી સાહેદની પ્રતિવાદી તર્ફે ઉલટતપાસ કરતા''એ વાત ખરી છે કે,કોઈ જગ્યાએ માપણી માટે જવાનુ હોય તો જે તે પક્ષકારો તથા પંચોને માપણી અંગે સમય,સ્થળ તથા તારીખ અંગે હાજર રહેવા નોટીસ કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,નોટીસ મુજબ સ્થળ પર જઈ નિર્ધારીત તારીખ અને સમયે પક્ષકારો તથા પંચોને બોલાવવામાં આવે છે તથા પક્ષકારોના જણાવ્યા મુજબ વાદગ્રસ્ત જમીનની પંચોની હાજરી માં માપણી કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,સ્થળ સ્થીતીના પંચનામામાં નોંધી પંચોની સહી લેવામાં આવે છે.એ વાત ખરી છે કે,જે સ.નં.ની જમીન અંગે પંચનામા,નકશા અંગે હુકમ થયેલ હોય તેનુ પંચનામુ તથા નકશો તૈયાર કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,હાલના કેસ વાળી જમીન અંગે કોઈ પક્ષકારોએ પંચનામા તથા નકશા બાબતે કોઈ વાંધા લીધેલા નથી.એ વાત ખરી છે કે,જે તે જગ્યાએ માપણી કરવા જઈએ ત્યારે પંચનામુ અને નકશો કાચો તૈયાર કરી કચેરીના રેકર્ડ સાથે મેળવણુ કરી આખરી પંચનામુ તથા નકશો તૈયાર કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,તે પહેલા પક્ષકારો તથા પંચોની સમજ આપી સહી લેવામાં આવે છે.મને આંક–૪૮ વાળો નકશો બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે,સ.નં.૨૫ વાદીઓનો છે તથા સ.નં.૩૬ પ્રતિવાદીઓનો છે તથા નકશામાં એ,બી,સી,ડી થી સ્થળ ઉપરના દબાણની હકીકત દર્શાવેલ છે.મને આંક–૪૮ વાળો નકશો

બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે,નિશાની–એ થી દર્શાવ્યા મુજબ જુના ડી.એસ.ઓ.રેકર્ડથી મેળવણુ કરતાં નવીન સ.નં.૩૬ ની જમીન થાય છે તથા જેમાં વાદીના નવીન સ.નં.૨૫ ના કબજેદારનો કબજો હોવાનુ દર્શાવેલ છે.એ વાત ખરી છે કે,આંક–વાળા નકશાની માપણી છેલ્લી ટેકનોલોજી મુજબની પધ્ધતિથી કરેલ નકશા મુજબની માપણી છે.''

**(૮)** આ કામમાં પ્રતિવાદી નં.૧ તર્ફે બલાત નારાયણભાઈ કાનજીભાઈનુ આંક–૫૨ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેમા પ્રતિવાદી નં.૧એ રજુ કરેલ આંક–૨૬ના જવાબની હકીકતોનું પુનરાવર્ત ન કરેલ છે જેથી પુનરાવર્તન ટાળવા માટે સરતપાસની ચર્ચા લંબાણપુર્વક કરવામાં આવતી નથી.ઉપરોકત પ્રતિવાદી નં.૧ ની વાદી તર્ફે ઉલટતપાસ કરવા માટે વારંવાર તક આપવા છતાં હાજર રહી પ્રતિવાદીની ઉલટ તપાસ કરતા ન હોય વાદીનો પ્રતિવાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૯)** વાદીઓ તરફે આંક–૬૯ થી રજુ લેખીત દલીલો વંચાણે લીધી તથા પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રીનાઓની દલીલ સાંભળી.

**(૧૦)** સદર દાવાના નિર્ણયાર્થે આ કામે આંક–૩૧ થી મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી ધ્વારા નીચે મુજબના મુદ્દા મુકરર કરવામાં આવેલ છે :–

<u>**મુદદા**</u>

(૧) શું વાદી પુરવાર કરે છે કે,વાદીઓની મોજે જાયલા,તા.ભિલોડા ની સીમના સ.નં.૨૫ વાળી દાવાવાળી મિલકતમાં આવેલ મકાનની બાજુમાં વાદીઓએ બળદ ભેંસ બાંધવાનું ઢાળીયુ ૩૦ વર્ષ અગાઉ બાંધેલ છે અને તે તેમની મિલકતમાં આવેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સિદરહુ વાદીના સ.નં.૨૫ ની બાજુ માં પ્રતિવાદીનો મોજે જાયલાનો સ.નં.૩૬ આવેલ છે અને

પ્રતિવાદીઓ તેમના સ.નં.માં વાદીઓએ દબાણ કરેલ છે તેમ જણાવી હેરાન કરે છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામું ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

## –: કારણો :

**(૧૨)** સદર કામે વાદીઓ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા વાદીઓએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવી જરુરી છે જે નીચે મુજબ છે.

**કલમ–૧૦૧ :– પુરાવાનો ભાર કે બોજો –**

જો કોઈ વ્યકિત એવી આશા રાખતી હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોના પુરાવાના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરતા અથવા જવાબદારી વિશે કોર્ટ ફેસલો આપે તો તે તેણે પુરવાર કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.કોઈ વ્યકિત કોઈ હકીકતના અસ્તિત્વને પુરવાર કરવા બંધાયેલી હોય, ત્યારે પુરાવાનો ભાર કે બોજો તેના ઉપર છે, એમ કહેવાય.

**દ્રષ્ટાંત–(બી) :** 'એ' જે હકીકતો ભારપૂર્વક કહે છે તેનો 'બી' ઈન્કાર કરે છે, તે સાચી હોવાને કારણે કોર્ટ 'બી' ના કબજાની અમુક જમીનનો પોતે હકદાર છે એવો ચુકાવો આપે એવું 'એ' ઈચ્છે છે. એ હકીકતોનું અસ્તિત્વ 'એ' એ પુરવાર કરવું પડશે.

ઉપરોકત કલમની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વાદીઓ ઉપર એ હકીકત પુરવાર કરવાની જવાબદારી રહેલ છે કે,વાદીઓ દાવાવાળી મિલકતમાં આવેલ મકાનની બાજુમાં બળદ–ભેંસ બાંધવાનુ ઢાળીયુ ૩૦ વર્ષ અગાઉ બાંધેલ અને આ ગાડીઓ પોતાની મિલકતમાં આવેલ છે તથા પ્રતિવાદીઓ વાદીઓને ખોટી રીતે હેરાન પરેશાન કરે છે અને દબાણ કરી આ ઢાળીયાની જગ્યા ખાલી કરાવવા પ્રયત્ન કરેલ છે.

**(૧૩) <u>મુદ્દા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા</u> :–**

વાદીઓ તર્ફે રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા,મોજે.જાયલા ગામે આવેલ નવો સર્વે નં.૨૫,જુનો–૧૨૫ની ૦૧ –૮૬–૨૭ હે.આરે.ચો.મી.ની જમીન વાદીઓની સંયુકત માલીકીની આવેલ છે તથા આ સર્વે નંબરની પૂર્વ દિશાના દક્ષિણ છેડાની હદમાં તેઓની માલીકીની જમીનમાં શ્રી રામજીભાઈ ધુળાભાઈ બલાતનું મકાન નં.૪૧ આવેલ છે તથા આ મકાનની નોંધણી જાયલા ગૃપ ગ્રામ પંચાયતમાં થયેલ છે અને પંચાયતનો વેરો તેઓ વર્ષોથી ભરે છે તથા આ મકાનનું બાંધકામ આશરે ૫૪ વર્ષ પહેલા કરવામાં આવેલ છે અને મકાનનો આગળનો ભાગ પશ્ચિમ દિશાએ આવેલ છે અને દક્ષિણ દિશાની દિવાલ અડીને ઢોર,બળદ,ભેંસ બાંધવા માટેનું ઢાળીયુ ૩૦ વર્ષ પહેલા બનાવેલ છે તથા તેઓની માલીકીની સ.નં.૨૫ અને સ.નં.૩૬ જે પ્રતિવાદીઓની માલીકીનો આવેલ છે અને આ બંને સર્વે નંબરોની વચ્ચે પાળીના નિશાાન આવેલ છે તથા તેઓના મકાનના ઢાળીયાથી થાંભલીયો સ.નં.૩૬ જમીનમાં ત્રણ ફુટ જેટલુ દબાણ કરેલાનું

પ્રતિવાદીઓ કહે છે અને તેઓની સાથે અવારનવાર ઝઘડાઓ કરે છે જે કારણસર ગામ આગેવાનોની હાજરીમાં ખાનગી સર્વેયર ધ્વારા બંને પક્ષકારોની સમંતીથી તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ સર્વે માપણી કરાવેલ અને માપણી થયા બાદ નકશો બનતા તેઓના ઢાળીયાની થાંભલીયો છોડી આગળ ત્રણ ફુટ જેટલી જગ્યા સર્વે નં.૨૫ આવેલા હોવાની બનતા પ્રતિવાદીઓએ સર્વે નંબર માપણી ખોટી છે તેમ કહીને સ્થળ ઉપરથી જતા રહેલ હતા તથા સદરહુ માપણીનો ઈનકાર કરેલ.વધુમાં આ કામના પ્રતિવાદીઓ અવારનવાર વાદીઓ સાથે ઝઘડા કરી વાદીઓના બનાવેલ ઢાળીયાને દુર કરવા પ્રયત્ન કરી રહેલ હોય જેથી હાલનો દાવો દાખલ કરી પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ મેળવવા દાદ માંગેલ છે.દાવા કામે વાદીઓ તરફેના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈએ તો, આંક–૩૩ થી વાદી નં.૩ નુ સોગંદનામુ રજુ થયેલ છે તથા ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે,તેઓએ દાવા કામે દાવાવાળી મિલકતના ૭/૧૨ના ઉતારા રજુ કરેલ નથી તથા મિલકતના ક્ષેત્રફળ દર્શાવતા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તથા તેઓના સર્વે નંબરવાળી જમીનની દક્ષિણે નારાયણભાઈની સ.નં. ૩૬ ની જમીન આવેલ છે તથા બંને જમીન વચ્ચે પાળી આવેલ છે તથા તેઓના ઢાળીયાનો ઢાળ પ્રતિવાદીઓની જમીન બાજુ આવેલ છે તથા ઢાળીયા બાબતે ગામના આગેવાનો ભેગા થયેલા તથા કોર્ટ કમિશ્નર મારફતેની માપણીમાં તેઓએ દબાણ કરેલ હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે.આમ,વાદી નં.૩ ના પુરાવામાં દાવાવાળી મિલકતના ક્ષેત્રફળ અને નકશો દર્શાવતા કોઈ દસ્તાવેજો રજુ કરેલ ન હોય જેથી વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચેના ઢાળીયાની તકરાર બાબતે ઢાળીયુ કોનીજમીનમાં આવેલ છે તે અંગે વાદી નં.૩ નો પુરાવો સમર્થનકારી ન હોવાનુ જણાય છે.વધુમાં આંક–૪૪ થી વાદી તરફે તપાસેલ સાહેદ નરસીભાઈ અઢેળાભાઈ નીનામાનો પુરાવો

ધ્યાને લઈએ તો,સદરહુ સાહેદના પુરાવાથી પક્ષકારો વચ્ચે ઢાળીયાની તકરાર હોવાનો તથા તેઓ પક્ષકારોની જમીનની માપણીની તકરાર હોવાનુ જણાય છે તે સીવાય પક્ષકારો વચ્ચેની જમીનમાં કોની શું તકરાર છે તે અંગે સાહેદ કઈ જાણતા ન હોવાનુ જણાવે છે જેથી સદરહુ સાહેદનો પુરાવો વાદીઓ તરફેની હકીકતને સમર્થનકારી ન હોવાનુ જણાય છે.વધુમાં વાદીઓ તરફે તપાસેલ ડી.આઈ.એલ.આર.કચેરી,મોડાસાના સાહેદ પ્રકાશકુમાર ઈશ્વરલાલ મકવાણાની આંક–૪૭ ની જુબાની ધ્યાને લેતાં,તેઓએ કોર્ટના હુકમ મુજબ દાવાવાળી જગ્યાએ પંચો તથા પક્ષકારોની હાજરીમાં પંચનામુ તથા નકશો તૈયાર કરેલ તથા પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ તથા જમીનની માપણી ડી.જી.પી.એસ.પધ્ધતિથી કરવામાં આવેલ અને નકશો તૈયાર કરવામાં આવેલ તથા નકશામાં દબાણ અંગે સમજુતી દર્શાવેલ છે તથા ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે,હાલના કામે પંચનામા અને નકશા બાબતે કોઈ પક્ષકારોએ વાંધા લીધેલ નથી તથા પક્ષકારો અને પંચોની હાજરીમાં પંચનામુ અને નકશો તૈયાર કરવામાં આવેલ તથા જે તે જગ્યાએ પંચનામુ અને નકશો કાચો તૈયાર કરી,કચેરીના રેકર્ડ સાથે મેળવણુ કરી, આખરી પંચનામુ અને નકશો તૈયાર કરવામાં આવેલ તથા હાલના દાવાવાળી જગ્યાએ સ.નં.૨૫ વાદીઓની છે અને સ.નં.૩૬ પ્રતિવાદીઓની છે તથા સ.નં .૩૬ માં વાદીઓનો કબજો હોવાનુ જણાવેલ છે.આમ,સદરહુ ડી.આઈ. એલ.આર.કચેરીના સાહેદની જુબાની ધ્યાને લેતા,આ કામના વાદીઓ ધ્વારા પ્રતિવાદીઓની સ.નં.૩૬ ની જમીનમાં દબાણ કરેલ હોવાનુ જણાઈ આવે છે.વધુમાં આંક–૪૮ ના ડી.આઈ.એલ.આર.કચેરીના કોર્ટ કમીશ્નર ધ્વારા તૈયાર કરેલ નકશાને ધ્યાને લઈએ તો,સદરહુ નકશાની સમજુતીમાં દર્શાવેલ ''નિશાની–એ'' મુજબ સર્વે નંબર ૩૬ ની જમીનમાં સ.નં.૨૫ ના કબજેદારોએ હે.આરે.ચોમી.૦૦–૦૧–૬૩ નો કબજો કરેલ હોવાનુ જણાવેલ

છે.સદરહુ ડી.આઈ.એલ.આર.કચેરીના સાહેદની જુબાની તથા આંક–૪૮ ના નકશાને ઘ્યાને લેતા,આ કામના વાદીઓ ઘ્વારા પ્રતિવાદીઓની જમીનમાં હે.આરે.ચોમી.૦૦–૦૧–૬૩ નો કબજો કરેલ હોવાનુ જણાઈ આવે છે.વઘુમાં પ્રતિવાદીઓ તરફે આંક–પર થી રજુ કરેલ પ્રતિવાદી નં.૧ ના સોગંદનામા લગત વાદીઓ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી તથા પ્રતિવાદીઓ તરફે જણાવેલ હકીકતોનુ ખંડન કરેલ નથી જેથી પ્રતિવાદીઓ તરફે સોગંદનામાથી તેઓના દાવા જવાબમાં જણાવેલ હકીકતોને પુરવાર કરેલ છે તથા આંક–પપ થી ૬૪ સુધી રજુ દસ્તાવેજી પુરાવાઓથી સદરહુ હકીકતોને સમર્થન મળેલ છે.આમ,ઉપરોકત ચર્ચાને ઘ્યાને લેતા,વાદીઓના કથન મુજબ તેઓએ બનાવેલ ઢાળીયું ૩૦ વર્ષ ઉપરાંતથી તેઓની જમીનમાં બનાવેલ હોય અને પ્રતિવાદીઓ સદર ઢાળીયુ દુર કરવા પ્રયત્નશીલ હોય તેવુ પુરવાર કરી શકેલ નથી તથા વાદીઓ તરફે તપાસેલ ડી.આઈ.એલ.આર. કચેરીના સાહેદની આંક–૪૭ ની જુબાનીથી વાદીઓએ પ્રતિવાદીઓની જમીનમાં દબાણ કરેલ હોવાનુ પુરવાર થયેલ હોય વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોય તેવુ જણાઈ આવતુ નથી.વઘુમાં વાદીઓ તરફે હાલના દાવા કામે પ્રતિવાદીઓ વિરુઘ્ધ ઢાળીયાને નુકસાન ન પહોંચાડે તે મતલબનો કાયમી મનાઈ હુકમ માંગેલ છે તથા ઢાળીયાવાળી જગ્યા તેઓની માલીકીની જગ્યામાં આવેલ હોય અને તેઓ સદરહુ જગ્યાના કબજેદાર હોય તથા સદરહુ જગ્યાનો ઉપયોગ કરતા હોય,કબજાનુ રક્ષણ મેળવવા કોઈ દાદ માંગેલ નથી જેથી સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪ ને ઘ્યાને લઈએ તો,વૈકલ્પીક દાદના અભાવે ફકત કાયમી મનાઈ હુકમની દાદ મંજુર કરી શકાય નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.આમ,ઉપરોકત ચર્ચાને ઘ્યાને લેતાં, વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન હોવાનુ જણાતુ હોય જેથી

**મુદ્દા નં.૧ થી ૩** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે તથા **મુદ્દા નં.૪** અંગે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) વાદીઓનો હાલનો દાવો નામંજુર યાને કે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત-પોતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૧૬ મી,માહે-જુલાઈ,સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા : ૧૬/૦૭/૨૦૨૬
સ્થળ : ભીલોડા

(એમ.એ.મકરાણી)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભીલોડા
(જજ કોડ : જીજે ૦૧૦૦૭)